**<u>ફોજદારી સમરી નં. ૯૪૭/ ૨૦૨૫</u>**

**<u>રાજકોટ જી.યુ.વી. એન. એલ. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી. નં. ૨૭૪૧/૨૦૨૪, સમરી ના કામે આંક – ૧ અન્વયે હુકમ</u>**

(૧) આજરોજ લોકઅદાલતમાં તપાસ કરનાર અમલદાર દ્રારા રજુ થયેલ "સી" સમરી રીપોર્ટ તથા તે સાથે રજુ તપાસના તમામ કાગળો વંચાણે લીધા. રીપોર્ટ કરનાર પોલીસ અધિકારી, એ.પી.પી.શ્રી તથા પી.જી.વી.સી.એલ. કંપનીના વિ.વકીલશ્રી મગદાણીને સાંભળ્યા.

(૨) આજરોજ લોકઅદાલતમાં ફરીયાદી પી.જી.વી.સી.એલ. કંપનીના ઈજનેરશ્રી તરફથી પોલીસને મળેલ ફરીયાદ બાદ આરોપી અને ફરીયાદી પી.જી.વી.સી.એલ. કંપની વચ્ચે લોકઅદાલતમાં સમાધાન થઈ ગયેલ છે અને થયેલ સમાધાન મુજબ વિજ ચોરી તથા કમ્પાઉન્ડીંગ ચાર્જની રકમ આરોપીએ વિજ કંપનીમાં ભરપાઈ કરી આપેલ છે. તેથી આ ફરીયાદ અન્વયે નોંધાયેલ ગુનાનું કામ આગળ ચલાવવા માંગતા ન હોય માંડવાળ કરવા માટે ફરીયાદી પી.જી.વી.સી.એલ. કંપનીના ઈજનેર તરફથી ઈન્ડીયન ઈલેક્ટ્રીકસીટી એકટ–૨૦૦૩ ની કલમ – ૧૫૨ મુજબ રીપોર્ટ કરવામાં આવેલ છે. વધુમાં ગુનો સમાધાનને પાત્ર છે. પી.જી.વી.સી.એલ. કંપનીને વિજ ચોરી તથા કમ્પાઉન્ડીંગ ચાર્જની રકમ મળી ગયેલ છે. આરોપીનો આ પ્રથમ ગુનો છે. તે હકીકત ધ્યાનમાં લેતા લોકઅદાલતમાં થયેલ સમાધાનની રુએ આ સમરી મંજુર કરવી વાજબી જણાતુ હોય, નીચે મુજબ હુકમ ફરમાવુ છુ.

**<u>:: હુકમ ::</u>**

આજરોજ લોકઅદાલતમાં તપાસ કરનાર અમલદારે આ ગુનાના કામમાં રજુ કરેલ "સી" સમરી મંજુર કરવામાં આવે છે. ઈન્ડીયન ઈલેક્ટ્રીકસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૫૨ અન્વયે આરોપીને ઈન્ડીયન ઈલેક્ટ્રીકસીટી એકટ ની કલમ – ૧૩૫ મુજબના ગુનાના કામમાં થયેલ સમાધાન મંજુર કરી આરોપીને ડીમ્ડ એકવીટલ ગણી તેની સામેનો ગુનો સમાધાનથી માંડવાળ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ પી.જી.વી.સી.એલ. ને સોંપવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૩ મી સપ્ટેમ્બર સને ૨૦૨૫ ના રોજ લોક અદાલતમા જાહેર કર્યો.

રાજકોટ
તાઃ ૧૩/૦૯/૨૦૨૫

(સી.જે.પટેલ)
૧૩માં એડી. સેશન્સ જજ અને
સ્પે. જજ (ઈલેક્ટ્રીસીટી)
રાજકોટ (કોડ નં. જીજે ૦૧૦૫૬)